# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 13-05-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

### આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

***************************************************

- ✓ લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 96 બેઠકો પર મતદાન ચાલી રહ્યું છે. 11 વાગ્યા સુધીમાં સરેરાશ 24.87 ટકા મતદાન નોંધાયું.
- ✓ ખાનગી અખબારને આપેલા ઇન્ટરવ્યૂમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કૉંગ્રેસ સામે પ્રહાર કરતા દાવો કર્યો કે કૉંગ્રેસે વિકાસ પર નહીં....પરંતુ તૃષ્ટિકરણમા વધારે રસ દાખવ્યો.
- ✓ લોકસભા ચૂંટણીના પ્રચાર અર્થે પ્રધાનમંત્રી મોદી બિહારમાં.....રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી ઉત્તર પ્રદેશમાં કરી રહ્યા છે ચૂંટણી પ્રચાર..
- ✓ કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ-CBSEનું ધોરણ 12નું 87.98 ટકા પરિણામ જાહેર.
- ✓ હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરી.
- ✓ અને IPLમાં આજે ગુજરાત ટાઇટન્સ અને કોલકાતા નાઇટ રાઇડર્સ વચ્ચે મુકાબલો..

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# FOURTH PHASE

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે આજે સવારે સાત વાગ્યેથી શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થઈ રહ્યું છે. આ તબક્કામાં નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 96 બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. જેમાં આંધ્રપ્રદેશ 25, તેલંગાણાની 17, ઉત્તરપ્રદેશની 13, મહારાષ્ટ્રની 11, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળની આઠ-આઠ, બિહારની 5, ઝારખંડ અને ઓડિશાની ચાર – ચાર તેમજ જમ્મૂ કાશ્મીરની એક બેઠક પર મતદાન ચાલી રહ્યું છે.

ચૂંટણી પંચના અહેવાલ અનુસાર 11 વાગ્યા સુધીમાં 24.87 ટકા મતદાન નોંધાયું છે. જેમાં સૌથી વધુ મતદાન પશ્ચિમ બંગાળમાં 32.78 ટકા રાજ્યમાં જ્યારે સૌથી ઓછું મતદાન જમ્મૂ કાશ્મીરમાં 14.94 ટકા નોંધાયું છે.

**રાજ્યવાર મતદાનની ટકાવારી વિશે વાત કરીએ તો....**

**આંધ્રપ્રદેશમાં 23.10 ટકા**

**બિહારમાં 22.54 ટકા**

**જમ્મૂ કાશ્મીરમાં 14.94 ટકા**

**ઝારખંડમાં 27.40 ટકા**

**મધ્ય પ્રદેશમાં 32.38 ટકા**

**મહારાષ્ટ્રમાં 17.51 ટકા**

**ઓડિશામાં 2.28 ટકા**

**જ્યારે તેલંગાણામાં 24.31 ટકા**

ઉત્તરપ્રદેશમાં 27.12 અને પશ્ચિમ બંગાળમાં 32.78 ટકા મતદાન નોંધાયું છે.

ચૂંટણી પંચે મતદારોની ભાગીદારીને વધારવા માટે તેલંગાણાના 17 સંસદીય મત વિસ્તારોના કેટલાક કેન્દ્રોમાં મતદાનનો સમય વધારી દીધો છે. આ તબક્કામાં 17 કરોડ, 70 લાખ મતાદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે કુલ 717 ઉમેદવારો મેદાનમાં છે.

આ તબક્કામાં કેટલાક પ્રતિષ્ઠિત ઉમેદવારોના ભાવીનો ફેંસલો પણ થશે. જેમાં કેન્દ્રીય મંત્રી અને ભાજપના નેતા ગિરિરાજસિંહ, અર્જૂન મુંડા, જી. કિશન રેડ્ડી, અજય કુમાર મિશ્રા, જનતા દળ યુનાઇટેડના રાજીવ રંજન સિંહ, સમાજવાદી પક્ષના અખિલેશ યાદવ, કૉંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરી, તૃણમૂલ કૉંગ્રેસના મહુઆ મોઇત્રા અને શત્રૂઘ્ન સિન્હા તેમજ AIMIMના અસદુદ્દીન ઓવૈસી સામેલ છે. આ તબક્કા માટે આંધ્ર પ્રદેશની 175 અને ઓડિશાની 28 વિધાસનભા બેઠકો માટે પણ મતદાન થઈ રહ્યું છે. 11 વાગ્યા સુધીમાં આંધ્રપ્રદેશની વિધાનસભા બેઠકો પર 23 ટકા મતદાન નોંધાયું છે.

## MP-POLLING

મધ્યપ્રદેશમાં, આદિવાસી પ્રભુત્વ ધરાવતા માલવા નિમાર ક્ષેત્રમાં આઠ બેઠકો પર આજે મતદાન થઈ રહ્યું છે. આ બેઠકો પર 50 લાખથી વધુ આદિવાસી મતો નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે મધ્ય પ્રદેશમાં ચોથા તબક્કાની આઠ લોકસભા બેઠકો ઈન્દોર, ધાર, રતલામ, ખંડવા, ઉજ્જૈન, મંદસૌર, ખરગોન અને દેવાસમાં 79 ઉમેદવારો મેદાનમાં છે.

## ODISHA

ઓડિશામાં પહેલા તબક્કા માટે મતદાન થઈ રહ્યું છે. અહીં કાલાહાંડી, કોરાપુટ, નબરંગપુર અને બેરહામપુર લોકસભા બેઠકો અને આ અંતર્ગત આવતી વિધાનસભાની 28 બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. પહેલા તબક્કામાં ચાર લોકસભા બેઠકો માટે 37 ઉમેદવારો છે, જ્યારે 28 વિધાનસભા બેઠકો માટે 243 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

## PM-INTERVIEW

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ કૉંગ્રેસ સામે પ્રહાર કરતા દાવો કર્યો કે કૉંગ્રેસે ક્યારેય વિકાસને પ્રાથમિકતા આપી નથી, પરંતુ મત મેળવવા માટે તૃષ્ટિકરણ પર ધ્યાન કેન્દ્રીત કર્યું.

શ્રી મોદીએ કહ્યું કે ભાજપના વિકાસલક્ષી શાસનનું પરિણામ છે કે જે રાજ્યો પહેલા બીમાર રાજ્ય કહેવાતા હતા, એ પણ હવે વિકસી રહ્યા છે. ખાનગી અખબારને આપેલા ઇન્ટરવ્યૂમાં શ્રી મોદીએ દાવો કર્યો કે, ભાજપ સરકા રએવી યોજનાઓ લઈને આવી જેનાથી લાખો લોકોને ફાયદો થયો, ગરીબોનો ઘર મળ્યા, યુવાનોને તક મળી અને મહિલાઓ સશક્ત બની. શ્રી મોદીએ ઇન્ડી ગઠબંધનની ટીકા કરી હતી.

## **REV-POLL-CAMPAIGNING**

લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ બન્યું છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહારના પ્રવાસે છે. સવારે તેમણે પટણા ગુરુદ્વારા સાહિબમાં શીશ ઝુકાવ્યું હતું. શ્રી મોદીએ અહીં રસોડામાં ભોજન પકવ્યૂ અને લંગરમાં શ્રદ્ધાળુઓને ભોજન પીરસ્યું હતું. હાજીપુર બેઠક પર ચૂંટણી પ્રચાર કરતાં શ્રી મોદીએ રાષ્ટ્રીય જનતા દળ અને કોંગ્રેસ સામે પ્રહાર કર્યા.

તેમણે કહ્યું કે, આરજેડી અને કોંગ્રેસમાં બિહારને આગળ લઈ જવાની ઇચ્છા શક્તિનો અભાવ છે. શ્રી મોદીએ લોકજન શક્તિ પાર્ટીના અધ્યક્ષ ચિરાગ પાસવાનના સમર્થનમાં હાજીપુરના લોકોને મતદાનની અપીલ કરી હતી. ચિરાગ પાસવાન તેમના સ્વર્ગસ્થ પિતા રામવિલાસ પાસવાનની પરંપરાગત બેઠક પર ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે આરજેડીએ હાજીપુર સીટ પરથી પૂર્વ રાજ્ય મંત્રી શિયો ચંદ્ર રામને મેદાનમાં ઉતાર્યા છે.

શ્રી મોદીએ આજે બપોરે NDA ઉમેદવારોના સમર્થનમાં મુઝફ્ફરપુરમાં સભા સંબોધી હતી, જે બાદ તેઓ છપરામાં જાહેરસભા સંબોધશે. તેઓ મોડી સાંજે ઉત્તરપ્રદેશના વારણસીમાં રોડ-શો કરવાના છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આજે મહારાષ્ટ્રમાં ધુલે અને પાલઘર જિલ્લામાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. ધૂલેમાં શ્રી શાહ ભાજપના ઉમેદવાર સુભાષ ભામરે તો પાલઘરમાં ભાજપના ઉમેદવાર ડૉક્ટર હેમંત સાવરાના સમર્થનમાં પ્રચાર કરશે.

આ તરફ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રાએ ઉત્તરપ્રદેશના રાયબરેલીનાં મહારાજગંજ ખાતે ચૂંટણી સભા

સંબોધી હતી. આ પ્રસંગે સંબોધતા રાહુલ ગાંધીએ અનામત મુદ્દે ભાજપ અને પ્રધાનમંત્રી મોદી સામે પ્રહાર કર્યા હતા. રાહુલ ગાંધીઅને પ્રિયંકા ગાંધી બપોર બાદ ગુરૂબક્શગંજ હરચંદપુર ખાતે સેવા સંકલ્પ સભા સંબોધશે.

## CBSE RESULT

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડે-CBSEએ ધોરણ 12નું પરિણામ જાહેર કર્યું છે. CBSEએ એક નિવેદનમાં જણાવ્યું કે, આ વર્ષે પરીક્ષામાં કુલ 87.98 ટકા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. આમાં 91.52 ટકા વિદ્યાર્થિનીઓ અને 85.12 ટકા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. એટલે કે, વિદ્યાર્થીઓની સરખામણીએ 6.40 ટકા વિદ્યાર્થિનીઓ ઉત્તીર્ણ થઈ છે. આ તમામ વિદ્યાર્થીઓ www.cbseresults.nic.in પર પરિણામ જોઈ શકશે.

જો કે, ગયા વર્ષની સરખામણીએ આ વખતે કુલ પરિણામમાં 0.65 ટકાનો વધારો થયો છે. તો આ વર્ષે 24 હજાર 68 વિદ્યાર્થીઓએ 95 ટકા અને એક લાખ 16 હજાર 145 વિદ્યાર્થીઓએ 90 ટકા પ્રાપ્ત કર્યા છે. સાથે જ સૌથી વધુ 99.91 ટકા વિદ્યાર્થીઓ ત્રિવેન્દ્રમ્ ઝોનમાં ઉત્તીર્ણ થયા છે.

## WEATHER UPDATE

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. ઉપરાંત આગામી ત્રણ-ચાર દિવસમાં દેશના પૂર્વીય, મધ્ય અને દક્ષિણ ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

જમ્મૂ કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં આવતીકાલે તેમજ રાજસ્થાનમાં 16 તારીખ સુધી ગાજવીજ સાથે હળવો વરસાદ વરસી શકે છે. ઉત્તરપ્રદેશ અને દક્ષિણ રાજસ્થાનના કેટલાક ભાગોમાં ચાળીસ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે છૂટો છવાયો વરસાદ વરસી શકે છે. રાજધાની દિલ્હીમાં આજે હવામાન સૂકું રહેશે, જોકે ક્યાંક ક્યાંક વરસાદી ઝાપટાં પડી શકે છે.

# IPL

IPLમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડીયમ ખાતે આજે ગુજરાત ટાઇટન્સ અને કોલકતા નાઈટ રાઇડર્સ વચ્ચે મેચ રમાશે. મેચ સાંજે 7-30 વાગે શરૂ થશે. કોલકતા પ્લે ઓફમાં સ્થાન મેળવી ચુકી છે. જયારે ગુજરાત પ્લે ઓફમાં સ્થાન મેળવવા જીતના લક્ષ્ય સાથે રમતમાં ઉતરશે. દરમિયાન ગઇકાલે રમાયેલી મેચોમાં રોયલ ચેલેન્જર બેંગલુરૂએ દિલ્હી કેપીટલ્સને 47 રને હરાવ્યું છે અન્ય મેચમાં ચેન્નાઇએ રાજસ્થાનને પાંચ વિકેટે હાર આપી હતી.

# UP-ITF J 30

ઉત્તરપ્રદેશના લખનૌમાં આજે આંતરરાષ્ટ્રીય ટેનિસ સંસ્થા-સ્પર્ધા જુનિયર 30નું ઉદઘાટન કરવામાં આવ્યું.  ઉત્તર પ્રદેશ ADG ટ્રાફિક બી.ડી પોલસન મુખ્ય અતિથિ તરીકે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

સ્પર્ધામાં યુક્રેન અને અમેરિકાના 125 જેટલા આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ઉત્તરપ્રદેશના ઘણા ખેલાડીઓ પણ આ

ખિતાબ માટે મેદાનમાં છે. ઉદઘાટન સમારોહ દરમિયાન, શ્રી પોલસને ઉત્તર પ્રદેશ ટેનિસ એસોસિએશનના પ્રયાસોની પ્રશંસા કરી.